# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805


e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in


પ્રતિશ્રી,


Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૧૦ ◆ અંકઃ ૭ ◆ સળંગ અંકઃ ૧૧૩ ◆ તા.૧૬/૦૫/૨૦૨૬, શનિવાર ◆ પાના-૪ ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)

◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month


# સમયમર્યાદા ચૂકી ગયેલા GST અપીલો માટે એમ્નેસ્ટી સ્કીમ લાવવાની માંગ તેજ GST કાઉન્સિલની આગામી બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયની શક્યતા

દેશભરના વેપારીઓ અને કરદાતાઓ માટે રાહતરૂપ બની શકે તેવી એક મહત્વપૂર્ણ ચર્ચા હવે GST કાઉન્સિલની આગામી બેઠકમાં થવાની શક્યતા છે. સમયમર્યાદા પસાર થઈ જવાના કારણે ફગાવાઈ ગયેલી અથવા દાખલ ન થઈ શકેલી GST અપીલો માટે કેન્દ્ર સરકાર દ્વારા ખાસ ''એમ્નેસ્ટી સ્કીમ'' લાવવાની માંગ ઉદ્યોગજગત, ટેક્સ નિષ્ણાતો અને વેપારી સંસ્થાઓ તરફથી જોરશોરથી ઉઠી રહી છે.

GST કાયદા મુજબ કોઈ પણ આદેશ સામે પ્રથમ અપીલ દાખલ કરવા માટે સામાન્ય રીતે ૩ મહિનાની સમયમર્યાદા આપવામાં આવે છે અને વધારાના ૧ મહિના સુધી વિલંબ માફીનો અધિકાર અપીલ અધિકારી પાસે હોય છે. એટલે કુલ ૧૨૦ દિવસ પછી અપીલ દાખલ કરવાની મંજૂરી મળતી નથી. પરિણામે હજારો કરદાતાઓ માત્ર ટેકનિકલ કે પ્રક્રિયાત્મક કારણોસર પોતાના કેસની યોગ્ય રીતે રજૂઆત કરી શક્યા નથી.

### હજારો અપીલો સમય મર્યાદાના કારણે અટવાઈ

GST અમલીકરણના શરૂઆતના વર્ષોમાં પોર્ટલ સંબંધિત અનેક તકલીફો, નિયમોની અસ્પષ્ટતા, વારંવાર થતા ફેરફારો અને કાનૂની ગૂંચવણોના કારણે ઘણા કરદાતાઓ સમયસર અપીલ દાખલ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. અનેક કિસ્સાઓમાં કર દાતાઓ પાસે યોગ્ય દલીલો અને પુરાવા હોવા છતાં માત્ર સમયમર્યાદા પૂરી થઈ જવાના આધારે તેમની અપીલો ફગાવી દેવામાં આવી હતી.




ટેક્સ નિષ્ણાતોના મતે, શરૂઆતના વર્ષોમાં GST પોર્ટલ સંપૂર્ણપણે સ્થિર ન હોવાથી વેપારીઓને રિટર્ન, નોટિસ અને ઓર્ડરની માહિતી સમયસર પ્રાપ્ત કરવામાં મુશ્કેલીઓ પડી હતી. ઘણા વેપારીઓને ઓર્ડર અપલોડ થયા હોવાની માહિતી પણ મોડેથી મળી હતી. તેના કારણે અપીલ કરવાની કાનૂની તક ગુમાવવી પડી હતી.

### ''ન્યાય ટેકનિકલ કારણો કરતાં મોટો હોવો જોઈએ''

વિત્તીય અને કાનૂની નિષ્ણાતોનું માનવું છે કે કરવેરા પ્રણાલીમાં ન્યાયની ભાવના સૌથી અગત્યની હોવી જોઈએ. માત્ર ટેકનિકલ સમયમર્યાદાના આધારે યોગ્ય કેસોને સાંભળવાની તક ન આપવી એ કુદરતી ન્યાયના સિદ્ધાંતો સામે છે.

અગ્રણી GST કન્સલ્ટન્ટ્સ અને વેપારી મંડળોએ GST કાઉન્સિલ સમક્ષ રજૂઆત કરી છે કે જે કરદાતાઓ વાસ્તવિક મુશ્કેલીઓના કારણે અપીલ કરી શક્યા નથી, તેમને એક વખતની વિશેષ રાહત આપવામાં આવે. આ માટે એમ્નેસ્ટી સ્કીમ હેઠળ મર્યાદિત સમય માટે જૂની અપીલો ફરીથી દાખલ કરવાની મંજૂરી આપવી જોઈએ.

### અગાઉ પણ સરકાર આપી ચૂકી છે રાહત

GST હેઠળ અગાઉ પણ સરકાર દ્વારા અનેક વખત એમ્નેસ્ટી સ્કીમ જાહેર કરવામાં આવી છે. મોડા રિટર્ન ફાઇલિંગ પર લેટ ફી માફી, જૂના કેસોના સમાધાન અને નોન-ફાઇલર્સ માટે રાહત જેવી યોજનાઓ દ્વારા સરકાર વેપારીઓને અનુપાલન માટે પ્રોત્સાહિત કરતી આવી છે.

એવા સમયમાં સમયમર્યાદા પસાર થઈ ગયેલી અપીલો માટેની એમ્નેસ્ટી સ્કીમ પણ સરકારના "Ease of Doing Business" અને ""Trust-based Taxation" ના અભિગમ સાથે સુસંગત માનવામાં આવી રહી છે.

### નાના વેપારીઓને સૌથી વધુ લાભ

આ પ્રસ્તાવિત સ્કીમનો સૌથી મોટો લાભ નાના અને મધ્યમ વેપારીઓને મળી શકે છે. ઘણા નાના વેપારીઓ પાસે કાનૂની માર્ગદર્શન અથવા ટેકનિકલ સપોર્ટનો અભાવ હોવાથી તેઓ સમયસર અપીલ પ્રક્રિયા પૂર્ણ કરી શક્યા નહોતા. અનેક વેપારીઓએ CA અથવા ટેક્સ કન્સલ્ટન્ટ બદલાતા દસ્તાવેજી પ્રક્રિયામાં વિલંબ અનુભવ્યો હતો.

જો સરકાર એમ્નેસ્ટી સ્કીમ જાહેર કરશે તો આવા વેપારીઓને ફરીથી પોતાની વાત રજૂ કરવાની તક મળશે અને અનાવશ્યક રિકવરી તથા દંડની કાર્યવાહીથી રાહત મળી શકે છે.

### કાયદાકીય પડકારો પણ બની શકે

કેટલાક કાનૂની નિષ્ણાતોનું માનવું છે કે આવી સ્કીમ લાવવા માટે GST કાયદામાં ખાસ સુધારા કરવાની જરૂર પડી શકે છે. કારણ કે હાલની જોગવાઈઓ મુજબ ૧૨૦ દિવસ પછી અપીલ સ્વીકારવાનો અધિકાર ઉપલબ્ધ નથી. જોકે સરકાર ખાસ નોટિફિકેશન અથવા કાયદાકીય સુધારા દ્વારા એક વખતની રાહત આપી શકે છે.

સાથે જ, સ્કીમનો લાભ માત્ર વાસ્તવિક અને બિન-ઈરાદાપૂર્વક થયેલા વિલંબ ધરાવતા કેસોને જ મળે તે માટે કેટલીક શરતો પણ મૂકવામાં આવી શકે છે.

### વેપારી વર્ગમાં આશા

GST કાઉન્સિલની આગામી બેઠક પહેલા વેપારી સંસ્થાઓ અને ઉદ્યોગ મંડળોમાં આશાનો માહોલ છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે તો હજારો અટવાયેલા કેસોને ફરીથી જીવંત કરવાની તક મળશે અને કરદાતાઓને લાંબા ગાળાના કાનૂની વિવાદોમાંથી રાહત મળી શકે છે.

ટેક્સ ક્ષેત્રના નિષ્ણાતોના મતે, આવી સ્કીમ સરકાર અને કરદાતાઓ વચ્ચે વિશ્વાસ વધારશે તથા GST પ્રણાલીને વધુ વ્યવહારુ અને ન્યાયસંગત બનાવશે.

**- Bhavya Popat, Advocate**

# ધ ટેક્ષ પ્રેક્ટીશનર એસોસિએશન નડીઆદના વર્ષ ૨૦૨૬-૨૭ના હોદ્દેદારો વરાયા





તા. ૩૦.૦૪.૨૦૨૬ તારીખ ૨૫-૦૪-૨૦૨૬ના રોજ ધ ટેક્ષ પ્રેક્ટીશનર એસોસિએશન નડીઆદ ની વાર્ષિક સાધારણ સભા હોટલ રાજસ્થાન ગાર્ડન ખાતે યોજાઈ. વાર્ષિક સાધારણ સભામાં વર્ષ ૨૦૨૬-૨૭ કમિટી પદ માટે આઈપીપી પ્રેમલ શાહ, પ્રમુખ વિનીત સોની, ઉપ પ્રમુખ દિવ્યેશ જોટાણીયા ,મંત્રી હાર્દિક ઠક્કર, સહમંત્રી સીએ મિનેષ પટેલ, ખજાનચી સીએ પ્રકાશ શાહ, સહ ખજાનચી સીએ જાગૃત શાહ, કારોબારી સભ્યોમાં સીએ હિરેન પટેલ, સીએ જીતેશ સોદાગર, વિશાલ દરજી, સીએ કેતુલ સોની, સીએ તેજ પરીખ, સીએ ભાવિન પરીખ નામની જાહેરાત કરી જે સૌ સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી. આ સભામાં કારોબારી સભ્યો, પાસ્ટ પ્રેસિડેન્ટો, સામાન્ય સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ..

બરોડા ટેક્સ બાર એસોસિએશનની વર્ષ ૨૦૨૫-૨૦૨૬ની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૫-૦૪-૨૦૨૬ના રોજ રિવાઈવલ લોર્ડ્સ ઈન ખાતે મળી હતી. શ્રી નિરંજન વૈદ્યને અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેમજ વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે નીચે મુજબ હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે

૧) શ્રી નિરંજન વૈદ્ય - પ્રમુખ
૨) શ્રી પ્રકાશ ગાંધી - ઉપ પ્રમુખ
૩) શ્રી લલિત શાહ - માનદ મંત્રી
૪) શ્રી મનોજ પંચાલ - માનદ સહ મંત્રી
૫) શ્રી મુકેશ શર્મા - ખજાનચી

આપનો વિશ્વાસુ,
ફોર બરોડા ટેક્સ બાર એસોસિએશન
લલિત એસ. શાહ
માનદ મંત્રી

# સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સની નવી મેનેજિંગ કમિટીની રચના-વર્ષ ૨૦૨૬-૨૭


**ભરત સ્વામી**
પ્રેસિડેન્ટ એમેરિટસ


**વિજય શાહ**
પ્રેસિડેન્ટ


**ફૈઝાન ડભોઈવાલા**
ઓનરરી સેક્રેટરી


**ધનંજય ધાડંકર**
ઓનરરી ટ્રેઝરર


**કલ્પેશ જૈસવાલ**
વાઈસ પ્રેસિડેન્ટ


**ઉપેન્દ્રસિંહ ચાવડા**
વાઈસ પ્રેસિડેન્ટ


**જૈનેન્દ્ર રાણા**
ઓનરરી જોઈન્ટ સેક્રેટરી


**નિયાઝ રાઠોડ**
જોઈન્ટ સેક્રેટરી


**ધર્મેશ ગાંધી**
જોઈન્ટ ટ્રેઝરર

વડોદરા સ્થિત સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ (CGCTC)-જે છેલ્લાં દોઢ દાયકાથી મધ્ય ગુજરાતમાં પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરા ક્ષેત્રે કાર્યરત વ્યાવસાયિકોના હિતો, જ્ઞાનવર્ધન અને એકતા માટે કાર્યરત છે - તેની વાર્ષિક સાધારણ સભા તારીખ ૦૨ મે, ૨૦૨૬ના રોજ યોજાઈ હતી, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેની નવી મેનેજિંગ કમિટીની ચૂંટણી સંપન્ન થઈ. ત્યારબાદ તારીખ ૧૧ મે, ૨૦૨૬ના રોજ યોજાયેલ મેનેજિંગ કમિટીની પ્રથમ સભામાં બંધારણીય જોગવાઈઓ અનુસાર સહ-નિયુક્ત હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના સભ્યોની નિમણૂક પણ સંપન્ન કરવામાં આવી.

ચેમ્બરના નવા હોદ્દેદારોમાં, કોલેજિયમ ઓફ પાસ્ટ પ્રેસિડેન્ટ્સ દ્વારા ભરત સ્વામીને પ્રેસિડેન્ટ એમેરિટસ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વાર્ષિક સાધારણ સભામાં વિજય શાહની પ્રેસિડેન્ટ તરીકે વરણી કરવામાં આવી છે, ઓનરરી સેક્રેટરી તરીકે CA ફૈઝાન ડભોઈવાલા, અને ઓનરરી ટ્રેઝરર તરીકે ધનંજય ધાડંકરની વરણી થઈ છે. વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કલ્પેશ જૈસવાલ તથા ઉપેન્દ્રસિંહ ચાવડાની, ઓનરરી જોઈન્ટ સેક્રેટરી તરીકે જૈનેન્દ્ર રાણા તથા નિયાઝ રાઠોડની, અને ઓનરરી જોઈન્ટ ટ્રેઝરર તરીકે ધર્મેશ ગાંધીની વરણી થઈ છે.

મેનેજિંગ કમિટીની કાર્યવાહક સમિતિ (Executive Committee)ના સભ્યો તરીકે સંજય પ્રધાન, સુહાસ ફડકે, સહજાનંદ સોની, રોમિલ અમીન, ચિરાગ પટેલ, CA અદિતિ ઓઝા, નિપુણ પટેલ, સૌરભ ઉપાધ્યાય તથા નીતિન પરમારની વરણી થઈ છે.

ચેમ્બરની નવી મેનેજિંગ કમિટી આગામી વર્ષ દરમ્યાન કરવેરા ક્ષેત્રે વ્યાવસાયિક પ્રવૃત્તિઓ, અભ્યાસ વર્તુળ સભાઓ, રેસિડેન્શિયલ રીફ્રેશર કોર્સ, વાર્તાલાપ-ગોષ્ઠી, સંશોધનાત્મક પ્રકાશનો, સભ્યોના સામૂહિક પ્રતિનિધિત્વ તથા ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ વિભાગ અને આવકવેરા વિભાગ સમક્ષ રજૂઆતો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ સંપન્ન કરવા સંકલ્પબદ્ધ છે. તદુપરાંત, સંસ્થાના ૧૫મા સ્થાપના દિન-તારીખ ૧૮ જૂન, ૨૦૨૬-નિમિત્તે વિશેષ આયોજનો પણ વિચારણા હેઠળ છે.

આ સંદર્ભમાં, ચેમ્બરના નવા હોદ્દેદારોના ફોટોગ્રાફસ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોના નામ સહિતની આ પત્રિકા આપના આદરણીય દૈનિક વર્તમાનપત્રમાં યોગ્ય સ્થાને પ્રસિદ્ધ કરવા સવિનય વિનંતી છે.

**લિ. ફૈઝાન ડભોઈવાલા**
**ઓનરરી સેક્રેટરી**
**સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ, વડોદરા**

## વેચનાર વેરો નાં ભરે તો ઈનપુટ ક્રેડીટ મળે નહિ

(અનુસંધાન પાન નં.૩થી શરૂ....)

### ૨. ટેક્સ ભરવો એ કેન્દ્રિય અને સૌથી મહત્વની શરત

કલમ ૧૬(૨)(c) મુજબ
- સપ્લાયર ટેક્સ ચૂકવે તે ફરજિયાત
- તે વગર ITC માન્ય નથી

### ૩. ITC એક concessional benefit છે

કોર્ટએ સ્પષ્ટ કહ્યું-
- ITC કોઈ મૂળભૂત અધિકાર નથી
- તે કાયદા દ્વારા આપવામાં આવેલી સુવિધા છે
- એટલે તેની શરતોનું કડક પાલન જરૂરી છે

### ૪. Double Taxationનો મુદ્દો નકારાયો

અરજદારોની દલીલ હતી કે-

જો આવી રીતે વેચનારની ભૂલ ના કારણે ખરીદનારની ઈનપુટ ટેક્સ ક્રેડીટ નકારવામાં આવેતો એક જ ટ્રાન્ઝેક્શન પર બે વખત ટેક્સ વસૂલ થાય છે, જે બંધારણ મુજબ યોગ્ય નથી

આ બાબતે પોતાના ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટએ કહ્યું કે
- આ "double taxation" નથી કારણ કે ITC માત્ર ત્યારે જ મળશે જ્યારે સરકારને ટેક્સ મળ્યો હોય
- GST સિસ્ટમની વાસ્તવિકતા-કોર્ટનો અભિગમ
- કોર્ટએ GST મિકેનિઝમને આ ચુકાદામાં વિગતે સમજવા પ્રયાસ કર્યો છે.
- GSTR-1 સપ્લાયર રિટર્ન
- GSTR-2B ખરીદદારને ITC સ્ટેટમેન્ટ
- GSTR-3B ટેક્સ ચુકવણી

માત્ર GSTR-2Bમાં એન્ટ્રી દેખાવું પૂરતું નથી, વાસ્તવિક ટેક્સ ચુકવણી જરૂરી છે

### ખરીદદારો માટે શું જોખમ?

આ ચુકાદા પછી ખરીદદારો માટે ગંભીર જોખમ ઊભા થાય છે

### ૧. Supplier Default = Buyer Loss

જો સપ્લાયર ટેક્સ ન ભરે તો ખરીદનારે પોતે વેચનારને જી.એસ.ટી.ની રકમ ચૂકવેલ હોવા છતાં ITC રિવર્સ કરવી પડશે અને ઈનપુટનો કોઈ લાભ તેને મળશે નહિ. આ ઉપરાંત ખરીદનારે આ રકમ ઉપર વ્યાજ અને દંડ પણ ચૂકવવો પડશે

### ૨. Compliance Burden વધ્યું

હવે ખરીદદારને
- Vendor verification કરવું પડશે
- સતત reconciliation કરવું પડશે

### ૩. Business Risk વધ્યું

ખોટા સપ્લાયર સાથે કામ કરવાથી:
- સીધો નાણાકીય નુકસાન

### ચુકાદામાં કોર્ટ દ્વારા સરકારને મહત્વની સુચના

આ ચુકાદો ચોક્કસ કરદાતાઓ વિરુદ્ધ છે, પરંતુ આ ચુકાદામાં કોર્ટએ સરકારને મહત્વની સૂચના આપી છે જણાવ્યું છે કે
- જી.એસ.ટી. સિસ્ટમ વધુ પારદર્શક બનાવવી જોઈએ
- રિયલ-ટાઇમ ટ્રેકિંગ મિકેનિઝમ લાવવા જોઈએ
- બોનાફાઇડ ખરીદદારોને રક્ષણ આપવા જોગવાઈ બનાવવા વિચારના કરવી જોઈએ.

### આ ચુકાદાના મહત્વપૂર્ણ કાનૂની સિદ્ધાંતો

કોર્ટએ નીચેના સિદ્ધાંતો પુનઃસ્થાપિત કર્યા
- Tax laws literal interpretation થી જ એટલે કે શાબ્દિક અર્થઘટનથી જ વાંચવાના રહે
- Equity (ન્યાયસંગતતા) નો ઉપયોગ તેમાં કરી શકાય નહિ.
- ITC = conditional benefit, ઈનપુટ ટેક્સ ક્રેડીટ એ શરતી છે અને વેપારીનો અબાધિત હક્ક નથી

ગુજરાત હાઈકોર્ટનો આ ચુકાદો GST કાયદામાં એક ટર્નિંગ પોઈન્ટ ગણી શકાય. ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાના અમુક કેસોતો અંદાજે ૨૦૨૦ થી ચાલી રહેલા હતા. ઘણા વેપારીઓ ગુજરાત હાઈકોર્ટના આ કેસ ઉપર આશા નજર રાખી બેઠા હતા અને પોતાના ઉપર આવી પડેલી મુસીબત માટે ગુજરાત હાઈકોર્ટના શરણે હતા. કોર્ટના આ ચુકાદાથી GSTના કરદાતાઓ અને ખાસ કરીને ગુજરાતના કરદાતાઓ નિરાશ થયા હશે તે ચોક્કસ છે. આ સાથે જી.એસ.ટી. પ્રોફેશનલ્સમાં પણ આ ચુકાદાના સંદર્ભે નિરાશા સાંપડી છે. ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદામાં કાયદાકીય બાબતોનું ચોક્કસ ધ્યાન રાખવામાં આવ્યું છે પરંતુ સામાન્ય લોકોમાં-ધંધાર્થીઓમાં આ પ્રકારની જોગવાઈઓથી નિરાશા અને ડર ઉભો થાય તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. આ ચુકાદા સામે અરજકર્તા સુપ્રીમ કોર્ટમાં જાય તેવી શક્યતા પણ રહી છે. આ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટ દ્વારા સરકારને આપવામાં આવેલ સુચનાઓના કારણે સરકાર અગામી જી.એસ.ટી. કાઉન્સિલમાં આ મુદ્દાને લઇ જાય તેવી શક્યતા પણ રહેલી છે. જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા આ અંગે સરકારને સુચન કરી પ્રમાણિક કરદાતાઓને બચાવવામાં આવે તે ખુબ જરૂરી છે. અન્યથા ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસના સ્થાને પેઈન ઓફ ડુઈંગ બીઝનેસ વધી જશે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા ૦૪ મે ૨૦૨૬ના રોજ પ્રકાશિત થયેલ છે)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો વેચનાર વેરો નાં ભરે તો ઈનપુટ ક્રેડીટ મળે નહિઃ પ્રમાણિક વેપારી માટે પણ કોઈ અપવાદ નહિ



By **ભવ્ય પોપટ,**
**એડવોકેટ-નોટરી,**
**એડિટર ટેક્સ ટુડે**




GST કાયદા હેઠળ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) સંબંધિત એક અત્યંત મહત્વપૂર્ણ અને વ્યાપક અસર ધરાવતો ચુકાદો તાજેતરમાં Gujarat High Court દ્વારા આપવામાં આવ્યો છે. "Maruti Enterprise vs Union of India" સહિતના અનેક કેસોને એકસાથે સાંભળી કોર્ટએ આપેલો આ નિર્ણય સીધો કરદાતાઓના હિત વિરુદ્ધ ગયો છે અને GST પ્રેક્ટિસમાં મોટા ફેરફારો લાવશે.

આ ચુકાદો ખાસ કરીને CGST Actની કલમ 16(2)(c) ની બંધારણીય કાયદેસરતા અંગેનો હતો. આ કલમ હેઠળ વેચનાર/સપ્લાયર દ્વારા સરકારને ટેક્સ ભરવામાં આવ્યો હોય ત્યારે જ ખરીદદાર ITC મેળવી શકે તેવી જોગવાઈ રહેલ છે. આ કેસના અરજકર્તા સહીત ઘણા એવા કરદાતાઓ છે જેઓએ ખરીદી કરી ત્યારે તેઓએ વેચનારને ટેક્સની રકમ ચૂકવેલ છે, વેચનાર દ્વારા આ વેચાણને પોતાના GSTR-1માં દર્શાવેલ છે, ખરીદનારના GSTR2A/Bમાં પણ આ ખરીદી દર્શાવવામાં આવેલ છે પરંતુ વેચનાર દ્વારા આ વેચાણ ઉપર ટેક્સ ભરવામાં આવ્યો નથી તે કારણે ખરીદનારની ઈનપુટ ટેક્સ ક્રેડીટ નકારવામાં આવેલ છે.

### કેસની પૃષ્ઠભૂમિ

આ કેસમાં અરજદારોએ દલીલ કરી હતી કે-

- ખરીદદાર પાસે સપ્લાયર ટેક્સ ભરે છે કે નહીં તે તપાસવાની કોઈ વ્યવસ્થા નથી
- છતાં ITC ન આપવો એ અન્યાય છે
- કલમ 16(2)(c) બંધારણના આર્ટિકલ 14, 19(1)(g), 265 અને 300Aનો ભંગ કરે છે
  અર્થાત, ''બોનાફાઇડ ખરીદદાર''

(એવા ખરીદનારજે પ્રમાણિક છે વેચનાર સાથે કોઈ પણ રીતે જોડાયેલ નથી) ને પણ સપ્લાયરની ભૂલ માટે દંડિત કરવામાં આવી રહ્યો છે.

પરંતુ કોર્ટએ આ તમામ દલીલોને નકારી કાઢી.

### કોર્ટનો સ્પષ્ટ નિષ્કર્ષ

ગુજરાત હાઈકોર્ટએ ચુકાદામાં નોંધ્યું છે કે-

- ITC કોઈ હક્ક (right) નથી, પરંતુ "concession" છે
- ITC મેળવવા માટે તમામ શરતો પૂર્ણ કરવી ફરજિયાત છે
- કલમ 16(2)(c) સંપૂર્ણ રીતે બંધારણીય છે
- તેને "read down" કરવાની જરૂર નથી. કોઈ પણ કલમની કાયદેસરની બંધારીય વૈધતા તપાસતી વખતે કોર્ટ દ્વારા ક્યારે કલમને અવૈધ જાહેર કરવાના બદલે તેને "Read Down" કરવામાં આવે છે. આ "Read Down" કરવું એટલે કલમનું અર્થઘટન તેની અન્ય જોગવાઈઓ અને આ જોગવાઈઓના હેતુ પ્રમાણે કરવું.

### કોર્ટનું સૌથી મહત્વપૂર્ણ નિરીક્ષણ

આ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ખરીદદાર ITC ત્યારે જ લઈ શકે જ્યારે સપ્લાયર ટેક્સ સરકારમાં જમા કરે. આથી સ્પષ્ટ થાય છે કે ITC સંપૂર્ણપણે "tax paid to government" પર આધારિત છે. કોઈ પણ સંજોગોમાં જો વેચનાર દ્વારા ટેક્સ સરકારી તિજોરીમાં જમા કરાવવામાં નાં આવ્યો હોય તો ખરીદનાર વેપારી ગમે તેટલા પ્રમાણિક કે શુદ્ધ બુદ્ધિના હોય પરંતુ તેઓને ઈનપુટ ટેક્સ ક્રેડીટ મળી શકે નહિ.

### કોર્ટની કાનૂની વ્યાખ્યા

કોર્ટએ GST સ્કીમને ધ્યાનમાં રાખીને કેટલાક મહત્વપૂર્ણ મુદ્દા સ્પષ્ટ કર્યા

**૧. ITC માટેની શરતો cumulative છે**

કલમ ૧૬(૨)ની શરતો (a) થી (d) સુધીની તમામ શરતો સાથે પૂર્ણ કરવી પડે, એક પણ શરત અધૂરી હોય તો ITC મળશે નહીં.

(અનુસંધાન ૨જા પાને)

# મહેસાણા ખાતે ચેરિટેબલ ટ્રસ્ટો માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો




**મહેસાણા-તા.૨૯-૦૪-૨૦૨૬**

ઈન્કમ ટેક્સ બાર એસોસિએશન, મહેસાણા અને કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ (એક્ઝેમ્પશન), અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ગઈકાલે રોટરી ભવન હોલ, જેલ રોડ, મહેસાણા ખાતે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ઈન્કમ ટેક્સ એક્ટ ૨૦૨૫' હેઠળ ચેરિટેબલ સંસ્થાઓ માટે કરવામાં આવેલા મહત્વના ફેરફારો અને નવી જોગવાઈઓ અંગે આ સેમિનારમાં ઊંડાણપૂર્વક માર્ગદર્શન અને સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત અમદાવાદના ઈન્કમ ટેક્સ કમિશનર (એક્ઝેમ્પશન) શ્રી વી. નંદાકુમારે જણાવ્યું હતું કે, બદલાતા સમય સાથે ટેક્સના કાયદાઓમાં પારદર્શિતા લાવવા માટે સુધારા કરવામાં આવ્યા છે. તેમણે ચેરિટેબલ સંસ્થાઓએ કાયદાકીય મુક્તિ મેળવવા માટે પાળવાના થતા નિયમોની વિસ્તૃત માહિતી આપી હતી.

આ ઉપરાંત, એડિશનલ કમિશનર ડૉ. અતુલ પાંડેએ ટેકનિકલ પાસાઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, ટ્રસ્ટો અને સંસ્થાઓએ રજીસ્ટ્રેશન અને રિટર્ન ફાઈલિંગમાં કઈ સાવચેતી રાખવી જોઈએ. તેમણે મોટી સંખ્યામાં ઉપસ્થિત ટ્રસ્ટીઓ અને સભ્યોના પ્રશ્નોના સચોટ જવાબો આપી તેમની શંકાઓનું નિવારણ કર્યું હતું.

મહેસાણામાં અત્યારે ઉનાળાની આકરી ગરમી અને ઉચ્ચ તાપમાન હોવા છતાં, આસપાસના વિસ્તારની શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓના ટ્રસ્ટીઓ, પ્રતિનિધિઓ અને ટેક્સ પ્રોફેશનલ્સ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતથી પૂર્ણાહુતિ સુધી શ્રોતાઓની હાજરી નોંધપાત્ર રહી હતી.આ કાર્યક્રમમાં સંસ્થાઓને પડતી કાયદાકીય ગૂંચવણો અને નવી જોગવાઈઓ અંગે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી.વક્તાશ્રી એ સત્રના અંતે ઉપસ્થિત ટ્રસ્ટીઓ અને મેનેજમેન્ટ સભ્યોના પ્રશ્નોના સચોટ જવાબો આપી તેમની શંકાઓનું નિવારણ કર્યું હતું.

ઈન્કમ ટેક્સ બાર એસોસિએશન, મહેસાણાના પ્રમુખ CA જપન યાજ્ઞિક અને સેક્રેટરી CA મેહલ દોશી દ્વારા મહેમાન વક્તાઓનું પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ આ સેમિનારને અત્યંત ઉપયોગી અને સમયસરનું માર્ગદર્શન ગણાવ્યું હતું. આમ, કાર્યક્રમના અંતે કાળઝાળ ગરમી સામે રાહત આપવા માટે ઠંડી ઠંડી લચ્છી અને નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સૌ શ્રોતાઓ જ્ઞાનવર્ધક માર્ગદર્શન અને અલ્પાહારનો આનંદ માણી છૂટા પડ્યા હતા.

**- હર્ષદ ઓઝા, ટેક્સ રિપોર્ટર (ઉત્તર ગુજરાત)**

# GST હેઠળ E-Way Bill અંગે વેપારી દ્વારા અવારનવાર પૂછાતા પ્રશ્નો (FAQ)

## વેપારીઓ માટે સંપૂર્ણ માર્ગદર્શિકા




(Part 1)

By Bhavya Popat,
Tax Advocate,

GST વ્યવસ્થામાં E-Way Bill એ એક અત્યંત મહત્વપૂર્ણ compliance છે. માલની હેરફેર દરમિયાન સરકાર દ્વારા માલની movement પર નજર રાખવા અને કરચોરી અટકાવવા માટે E-Way Billની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. ઘણા વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો અને ઉદ્યોગકારો માટે E-Way Bill સંબંધિત નિયમો હજુ પણ ગૂંચવણભર્યા લાગે છે. ખાસ કરીને inspection, validity, cancellation, distance, multiple vehicles, job work અને penalties જેવા મુદ્દાઓ પર વારંવાર પ્રશ્નો ઊભા થાય છે.

આ લેખમાં E-Way Bill સંબંધિત તમામ મહત્વપૂર્ણ પ્રશ્નોના સરળ ગુજરાતી ભાષામાં જવાબ આપવાના પ્રયાસ કરવામાં આવ્યા છે જેથી વેપારીઓને ઈ વે બીલ અંગે પ્રાયોગિક માર્ગદર્શન મળી રહે.

**૧. E-Way Bill શું છે?**

E-Way Bill એટલે ""Electronic Way Bill". GST હેઠળ માલની હેરફેર માટે ઓનલાઈન જનરેટ થતો દસ્તાવેજ છે. જ્યારે રૂ. ૫૦,૦૦૦થી વધુ કિંમતનો માલ એક જગ્યાથી બીજી જગ્યાએ મોકલવામાં આવે ત્યારે E-Way Bill બનાવવું ફરજિયાત બને છે.

**૨. કયા કાયદા હેઠળ E-Way Billની જોગવાઈ છે?**

E-Way Billની જોગવાઈ CGST Rules, ૨૦૧૭ના Rule ૧૩૮ હેઠળ કરવામાં આવી છે.

**૩. ક્યારે E-Way Bill બનાવવું ફરજિયાત બને છે?**

જ્યારે માલની કિંમત રૂ. ૫૦,૦૦૦ કરતાં વધુ હોય અને માલનું transportation કરવામાં આવે ત્યારે સામાન્ય રીતે E-Way Bill ફરજિયાત બને છે.

**૪. રૂ. ૫૦,૦૦૦ ની મર્યાદા કેવી રીતે ગણાય?**

જો એક જ invoice હેઠળ માલની કિંમત રૂ. ૫૦,૦૦૦ થી વધુ હોય તો E-Way Bill ફરજિયાત બને છે. આ મર્યાદા ગણવામાં જી.એસ.ટી. ની રકમ ગણવાની રહેતી નથી.

**૫. કોણ E-Way Bill જનરેટ કરી શકે?**

નીચે મુજબની વ્યક્તિઓ E-Way Bill જનરેટ કરી શકે છે ઈ વે બીલ બનાવવાની જવાબદારી એ માલ વહન માટે જવાબદાર હોય તે વ્યક્તિની રહે છે. માલની ખરીદી પછી જો ખરીદનાર માલનું વહન કરાવે છે, તો તેઓએ ઈ વે બીલ બનાવવાનું રહે છે. જ્યારે વેચનાર ખરીદનારને તેના ધંધાકીય સ્થળ સુધી માલ પહોચાડે તો તેવા સંજોગોમાં વેચનાર ઈ વે બીલ બનાવવા જવાબદાર બને છે. સામાન્ય રીતે નીચે પૈકી કોઈ પણ વ્યક્તિ ઈ વે બીલ બનાવવા જવાબદાર બની શકે.

- Supplier (વેચનાર)
- Recipient (ખરીદનાર)
- Transporter
- E-commerce operator

**૬. Unregistered વ્યક્તિએ E-Way Bill બનાવવું પડે?**

ઈ વે બીલ સપ્લાયના તમામ વ્યવહારો માટે લાગુ પડે છે જેવા કે

- Supply
- Branch transfer
- Job work
- Export
- Import
- Sales return
- SKD/CKD supply
- Exhibition purpose

**૧૧. Job Work માટે E-Way Bill ફરજિયાત છે?**

હા. Principal અથવા Job Worker બંને E-Way Bill બનાવી શકે છે. જોબ વર્ક સહીત અમુક કેટલાક કેસમાં રૂ. ૫૦,૦૦૦ ની મર્યાદા વગર પણ ઈ વે બીલ ફરજિયાત બને છે.

**૧૨. Handicraft goods માટે ખાસ નિયમ છે?**

હા. Handicraft goods inter-state movement માટે ૫૦ હજારની મર્યાદા વગર E-Way Bill ફરજિયાત બની શકે છે.




**૧૩. કયા કેસમાં E-Way Bill જરૂરી નથી?**

નીચેના કેટલાક કેસોમાં E-Way Bill જરૂરી નથી

- Non-motorized conveyance (બળદ ગાડા, ઊંટ ગાડા, રેકડી વગેરે દ્વારા થતી માલની હેરફેર માટે)
- Exempted goods
- Empty cargo containers
- Customs bonded movement
- Defence formation movement
- Distance 10 KM સુધીના કેટલાક notified કેસ

**૧૪. Exempted goods માટે E-Way Bill જોઈએ?**

સામાન્ય રીતે કરમુક્ત વસ્તુઓ માટે ઈ વે બીલની જરૂરિયાત રહેતી નથી. પરંતુ જો taxable અને exempt goods સાથે હોય તો ઈ વે બીલ બનાવવું જરૂરી છે તે ખાસ ધ્યાન રાખવું.

**૧૫. E-Way Billની validity કેટલી હોય છે?**

સામાન્ય માલ માટે

- 200 KM સુધી-૧ દિવસ
- ત્યારબાદ દરેક 200 KM અથવા તેનો ભાગ-૧ વધારાનો દિવસ

**૧૬. Over Dimensional Cargo માટે validity કેટલી?**

ODC માટે અલગ નિયમ છે

- 20 KM સુધી – ૧ દિવસ
- ત્યારબાદ દરેક 20 KM માટે ૧ દિવસ

ઈ વે બીલ ઉપર વેપારીના મનમાં સામાન્ય રીતે ઉદ્ભવતા પ્રશ્નો ઉપર આ ભાગ ૧ છે. આગામી અંકમાં આ અંગે ભાગ-૨ પ્રકાશિત કરવામાં આવશે. ઈ વે બીલ અંગે વેપારી મિત્રોના કોઈ પ્રશ્ન હોય તો તે adv.bhavyapopat@gmail.com ઉપર મોકલવા વિનંતી.


**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યપર્ભુમી પૂર્તિમાં પ્રકાશિત થયેલ છે. )**

# બરોડા ટેક્સ બાર એસોસિએશનના વર્ષ-૨૦૨૬-૨૦૨૭ માટે હોદ્દેદારોની નિમણૂંક

બરોડા ટેક્સ બાર એસોસિએશનની વર્ષ ૨૦૨૫-૨૦૨૬ની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૫-૦૪-૨૦૨૬ના રોજ રિવાઈવલ લોડ્ર્સ ઇન ખાતે મળી હતી. શ્રી નિરંજન વૈદ્યને અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેમજ વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે નીચે મુજબ હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે:


શ્રી નિરંજન વૈદ્ય – પ્રમુખ


શ્રી પ્રકાશ ગાંધી – ઉપ પ્રમુખ


શ્રી લલિત શાહ – માનદ મંત્રી


શ્રી મનોજ પંચાલ–માનદ સહ મંત્રી


શ્રી મુકેશ શર્મા – ખજાનચી

◆ Year: 10 ◆ Issue No.7 ◆ Continue Issue No.113 ◆ Date: 16/05/2026, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.